# મનોમય આત્મામાં

અંતે એક ઉઘાડું આકાશ આવ્યું. મૌન ત્યાં વિશ્વના અવાજને કાન દઈ સુણતું હતું, પણ કોટાનકોટી સાદોમાંથી એકેયને ઉત્તર આપતું નહોતું. જીવનો પાર વગરનો પ્રશ્ન જવાબ વગરનો જ રહેતો. એક નિ:શબ્દ શાન્તિમાં આશાઓનો અંત આવ્યો 'તો, વિચાર વિરમી ગયો 'તો, ભુવનોની આરોહતી શ્રેણી અટકી પડી 'તી. પોતાના સુવિશાળ સ્વરૂપના એકાદ ખૂણામાં જીવનને સ્થાન આપનાર મનોમય વિરાટ આત્મા સાથે અશ્વપતિ ઊભા.

એ મનોમય પુરુષ છે સર્વશકિતમાન, નિશ્ચલ ને ઉદાસીન. પોતામાંથી પ્રકટ થયેલા જગતના જીવનમાં એ ભાગ લેતો નથી. જયપરાજય, સુખદુ:ખ આદિ દ્વન્દ્વોથી એ પરો રહે છે. એ છે સર્વનું સમાન મૂળ, એકાકી દ્રષ્ટા, પ્રકૃતિની પારાવાર પ્રવૃત્તિઓનો સાક્ષી ને અનુમંતા ને પ્રકૃતિનો પ્રભુ. પરમેશ્વરની કાળ પારની નિ:શબ્દતામાં દ્રષ્ટા પુરુષનો ને પ્રભાવશાળી પ્રકૃતિનો જે સંયોગ થયો તેમાંથી સૃષ્ટિ સમુદ્ભવી છે.

અશ્વપતિએ એ નિ:સ્પંદ આત્મામાં ને એ નિ:સ્પંદ આત્માએ અશ્વપતિમાં નિવાસ કર્યો. પરિણામે અશ્વપતિ પોતેય એ આત્મા જેવો વિશાળ, શકિતશાળી અને મુકત બની ગયો. પોતે બધું જાણતો હોય એવું એને લાગવા માંડયું. એનામાં ઇચ્છાઓએ અને આવેગોએ આવવાનું બંધ કર્યું. કશાની એને સ્પૃહા ન રહી. બ્રહ્મ ને બ્રહ્મનું મૌન એનાં બની ગયાં. એના જીવને શાંતિ મળી, વિશ્વાત્મક અખિલનું એને જ્ઞાન થયું.

પછી એક કિરણાંગુલી દૃષ્ટ, સ્પૃષ્ટ, શ્રુત અને અનુભૂત વસ્તુઓ ઉપર ઊતરી અને એણે રાજાના મનને બતાવ્યું કે કશું જ જાણી શકાયું નહોતું. જ્યાંથી સર્વ જ્ઞાન આવે છે ત્યાં એણે પહોંચવું જોઈએ. વિચાર અને ગોચર જ્ઞાન ઉદ્ભવે છે અજ્ઞાનમાંથી અને એ ગમે તેટલાં ઉદાત્ત હોય તોપણ તેમને પારના સૂર્યનો પ્રકાશ કદીય પ્રાપ્ત થઈ શકતો નથી. એક સંશય એમને ખાતો રહે છે. મનનાં સાધનો કાળની બૅન્ક પરના બનાવટી ચેક જેવાં છે. પરમ સત્યના ખજાનામાં એમનું કશું જ મૂલ્ય હોતું નથી.

અજ્ઞાન એક બેચેન ગાદી પર બેઠેલું છે, એ રાજા બની ગયાનો ખાલી ઢોંગ કરે છે. એનું જ્ઞાન સાંદિગ્ધ શબ્દોના પહેરવેશમાં હોય છે. એ જે જાણે છે તે તૂટફૂટ

આરસી પરના વિકૃત પ્રતિબિંબ જેવું છે. એણે જોયું હોય છે સાચું પણ એની દૃષ્ટિ છે જૂઠી.. મન કરોળિયાની જાળ જેવી તર્કજાળ બનાવે છે ને ક્ષુદ્ર જીવજંતુઓ જેવી ઇન્દ્રિયોપભોગની નાચીજ ચીજો એમાં પકડી ખાય છે. અજ્ઞાનમાંથી ઊભી કરેલી જાદૂઈ ઝલકે ભરી એની કંગાલ ઝૂંપડી છેવટે અજ્ઞાનમાં જ ધબી જાય છે.

આપણું મન છે મરેલા ભૂતકાળનાં ભૂતોથી ભૂતિયું બનેલું ઘર, નાશ પામવા દીધેલા મહાન અવસરોની કબર. એ છે એક એવું કાર્યાલય કે જેમાં જીવનો ને જીવનનો દુરુપયોગ કરવામાં આવે છે, સ્વર્ગીય ઉપહારોને વેડફી નાખવામાં આવે છે. એ છે અજ્ઞાનનો રંગમંચ. વિચારની સફળ ચાલાકીથી આત્માને શબ્દોનો બંદી બનાવનાર બુદ્ધિ આત્મવિશ્વાસ ગુમાવી બેઠી છે. એનું ઊંચામાં ઊંચું જ્ઞાન છે કેવળ અનુમાન. એનું જબરજસ્ત વિજ્ઞાનશાસ્ત્ર આત્માની સપાટીઓ પર થઈ પસાર થઈ જતો પ્રકાશમાત્ર છે. ઇન્દ્રિયોએ આલેખેલી રૂપરેખાઓ સિવાય બીજું કંઈ એમાં નથી. એ છે કાળના આભાસો પર શબ્દે અંકિત કરેલી રહસ્યમયતાઓની યોજના બતાવતો નકશો. આ મહાન દ્રષ્ટા અને સ્રષ્ટા મન અર્ધદૃષ્ટિનું પ્રતિનિધિકાર્ય કરે છે. જીવાત્મા અને જ્યોતિ વચ્ચે લટકતો એ એક પડદો છે. એ મૂર્તિમાત્ર છે, પ્રભુનું સજીવન શરીર નથી. પોતાનાં કાર્યોના સાક્ષી રૂપ નિ:સ્પંદ આત્મા પણ અજ્ઞેયનો એક ઝાંખો મોખરો છે. એની મુકિત અને સ્પંદહીન શાંતિ કાળસર્જી વસ્તુઓમાંથી થતો પ્રતિક્ષેપ છે, શાશ્વતીની સ્વાત્મદૃષ્ટિ નથી. એનામાં ગહન શાંતિ છે, અનામી શકિત નથી, સ્વસંતાનોને ગોદમાં ને અખિલ બ્રહ્માંડને હૃદયે લઈ લેતી મહામાતા ત્યાં નથી. સૃષ્ટિના સુભવ્ય સ્વભાવમાં રહેલું ત્યાં નથી મહાસુખ કે નથી નિ:સીમ પ્રેમના હૃદયમાં ભભૂકતી બ્રહ્માનંદની શુભ્ર ભાવોત્કટતા. ચૈત્યના પ્રશ્નનો ઉત્તર મનોમય પુરુષથી બૃહત્ એક બ્રહ્માત્માએ આપવાનો છે.

અશ્વપતિએ ઉપર દૃષ્ટિ કરી તો ત્યાં બધું ખાલીખમ અને હલનચલન વિનાનું દેખાયું. ત્યાં હતું અરૂપ અવકાશમાં ઓસરી જતું અમૂર્ત સૂક્ષ્મભાવી વિચારનું નીલાકાશ. રાજાએ નીચે જોયું તો ત્યાં બધું અરવ અને અંધકારમય હતું. આ બન્નેના અંતરાળમાં ચિંતનનો ને પ્રાર્થનાનો પોકાર શ્રાવણગોચર થતો હતો. સંઘર્ષ, અને અશ્રાંત પરિશ્રમ ત્યાં અખંડ ચાલતો હતો. મર્ત્ય અજ્ઞાનના કાંઠાઓ વચ્ચે જીવનનો મહાસાગર ઘુઘવાટ કરતો ઊછળી રહ્યો હતો. સત્ત્વો, શકિતઓ, આકારો અને વિચારો તેમાં ધક્કામુક્કી કરી સ્થાન મેળવવા માટે તરંગાયમાણ બની ઉપર આવતાં, નીચે ઊતરી પડતાં ને પાછાં ઉપર આવતાં હતાં. આ અથડામણ ને ખળભળાટને તળિયે હતી મથતાં જગતોને જન્મ આપનારી શૂન્યાકારતા, જબરજસ્ત ઉત્પાદક મૃત્યુ ને નિગૂઢ રિકતતા, ને એ સૌ અસંગત બુમરાણને ટકાવી રાખતું, ઊર્ધ્વના અવાજને બાતલ રાખતું, પ્રશ્નની ને ઉત્તરની ન[illegible] ચેષ્ટા-રહિત મૂગું ને અંધારું અચિત્.

અંધકારના તેમ જ પ્રકાશના આકાશની સીમાઓ આત્માની ગતિને અવરોધતી

હતી. પરમાત્માની અનંતતા પ્રતિ અંતરમાં અવગુંઠન રાખતો જીવ ક્ષણજીવી ઘટનાઓવાળા જીવલોકમાં જીવનયાત્રા ચલાવતો હતો. ત્યાં જીવવા માટે મરવાનું ને મરવા માટે જીવવાનું જરૂરનું બન્યું હતું. જીવ કર્મના ને વિચારના ચકરાવાઓમાં ભટકતો ને પાછો જયાંનો ત્યાં આવીને ઊભો રહેતો. એનું જ્ઞાન આરંભે તેમ જ અંતે એનું એ જ રહેતું. હયાતી હતી કારાગાર ને નિર્વાણ હતું છુટકારો.